<u>**ફોજદારી કેસ નં.૪૯૮૧૨/૨૦૨૦ના કામે આંક–૧ લગત હુકમ:**</u>

આ કામના આરોપી અનિલભાઈ બારકુ જગદેવ સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(બી), ૬૫(એ)(એ) મુજબના ગુનાનો આક્ષેપ છે. આરોપીને આંક–૦૩થી સમન્સ ઈસ્યુ કરતાં આરોપી તા.૧૨/૦૨/૨૦૨૪ના રોજ મરણ ગયેલ છે તેવા શેરા તથા માર્ક ૩/૧ના ચાર્જ અમલદારના રીપોર્ટ સાથે પરત ફરેલ છે. માર્ક ૩/૧નો રીપોર્ટ વંચાણે લેતાં તા.૧ ૨/૦૨/૨૦૨૪ના રોજ સિવિલ હોસ્પિટલ અમદાવાદ તરફથી મળેલ વર્ધીને આધારે ખોખરા પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી સિવિલ હોસ્પિટલ, અમદાવાદના પી.એમ. રૂમ ખાતે જતાં ઈ.પી.આર.કેસ નં.૧૦૪૫/૧/૨૦૨૪, દર્દી નામે અનિલભાઈ બાલકુ જગાડે, ઉ.વ.૪૨, રહે. ભાઈપુરા, હાટકેશ્વર, બાબુભાઈની ચાલી, ખોખરા, અમદાવાદનાઓની લાશ પડેલ હતી, સદર મરણજનારને ૧૦૮ એબ્યુલન્સ દ્રારા તા.૧૧/૦૨/૨૦૨૪ના કલાક ૧૨:૦૦ વાગ્યે આ.ડી.૧ ૩૬૪૧૪ લોકેશન ખોખરા, અમદાવાદ ખાતે બિનવારસી હાલતમાં લાવેલા અને મરણજનારનું પી.એમ. કર્યા બાદ ૭ દિવસ સુધી લાશ કોલ્ડ રૂમમાં રાખવામાં આવેલ અને આ બાબતે સી.આર.પી.સી.૧૭૪ મુજબ ખોખરા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત રજીસ્ટરે નં.૧૦/૨૦૨૪થી એન્ટ્રી કરેલ છે તેવી હકીકત જણાઈ આવે છે. આમ, બજવણી અધિકારીએ સમન્સમાં કરેલ શેરા તથા સાથે રજુ કરેલ માર્ક ૩/૧ના ચાર્જ અમલદારના રીપોર્ટ પરથી હાલના કામના આરોપી અનિલભાઈ બારકુ જગદેવ તા.૧૨/૦૨/૨૦૨૪ના રોજ મરણ ગયેલાનું જણાય આવતું હોય સદર આરોપી સામેનો હાલનો કેસ એબેટથી ફેંસલ કરવામાં આવે છે. અપીલ સમય વિત્યે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના દારૂ તથા બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ ૦૯મી માહે માર્ચ સને ૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૦૯/૦૩/૨૦૨૪**
**અમદાવાદ.**

**(એ.જી. ઓઝા)**
**એડિ.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૩, અમદાવાદ.**
**કોડ નં. GJ-00839**